OCR
Oxford Cambridge and RSA

# Wednesday 23 May 2018 – Morning

## AS GCE GUJARATI

**F883/01** Listening, Reading and Writing 1

**SPECIAL SHEET**

**Duration:** 2 hours 30 minutes

**INSTRUCTIONS TO CANDIDATES**

- This Special Sheet is for use with Section B.

**INFORMATION FOR CANDIDATES**

- This document consists of **4** pages. Any blank pages are indicated.

**INSTRUCTION TO EXAMS OFFICER/INVIGILATOR**

- Do not send this Special Sheet for marking; it should be retained in the centre or recycled. Please contact OCR Copyright should you wish to reuse this document.

© OCR 2018 [H/500/8403]
KI 137621/3
OCR is an exempt Charity

## SECTION B – Reading and Writing

**સવાલ ૫: વાંચન**

**કામ**

**મયંક**: મિત્રો હવેથી મારા શનિવાર અને રવિવાર અત્યંત વ્યસ્ત રહેશે કારણકે મને આ દિવસો દરમ્યાન થોડા કલાકો માટેનું કામ મળી ગયું છે. આમ તો એ સ્વૈચ્છિક કામ છે, પરંતુ મને આ પ્રકારે મહેનતનું કામ કરવાનું બહુ જ ગમે. હું એક ધર્માદા સંસ્થાની દુકાનમાં કામ કરીશ જ્યાં લોકોએ દાનમાં આપેલી વસ્તુઓ વેચવામાં આવે છે. આ કામ કરવાથી મારા સમયનો તો સદુપયોગ થશે જ, સાથે સાથે મને કામનો ઘણો અનુભવ પણ મળશે જેને કારણે મને ભવિષ્યમાં સારું કામ પણ મળી શકશે. મારા પિતાજી હંમેશાં કહે છે કે લોકસેવા એટલે પ્રભુસેવા.

**જીયા**: આમ તો વિવિધ ક્ષેત્રોમાં કે સ્થાનોમાં આ પ્રકારે સેવા કરી શકાય પણ હું તો આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે જોડાઈ વિવિધ દેશોમાં જઈ ત્યાંના બાળકોને લખતા-વાંચતા શીખવાડવાનું કાર્ય કરવા ઇચ્છું છું. આમ કરવાથી મારી શક્તિઓનો પણ વિકાસ થશે. મને નવું નવું જાણવા મળશે તેમજ વિદેશ પ્રવાસની તક મળશે. મેં તો સાંભળ્યું છે કે આવી પ્રવૃત્તિઓને વિશ્વવિદ્યાલયો તેમજ રોજગાર આપનારી સંસ્થાઓ બહુ સન્માન આપે છે. એટલે જ્યારે હું ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમ માટે અરજી કરું ત્યારે મને ફાયદો થશે. આમ સ્વાર્થ અને પરમાર્થ બન્ને સધાશે.

**અબ્દુલ**: સાચું કહું ને તો હું તો આપકમાઈમાં માનું. એટલે મેં તો નક્કી જ કરી લીધું છે કે હું તો મારા ઘરની નજીક આવેલી છાપાંની દુકાનમાં રોજ સવારે કામ કરવાનો છું. મારે રોજ સવારે લોકોના ઘરોમાં અખબારો પહોંચાડવાના રહેશે. મારા સવારના સમયનો સારો ઉપયોગ પણ થશે તેમજ મને ખિસ્સા ખરચી પૂરતા નાણાં પણ મળશે. એટલે મારે કોઈની સામે હાથ લાંબો કરવો નહીં પડે. હું નિયમિત બનીશ તેમજ મારી આવકમાંથી હું દાન પણ કરી શકીશ.

**તેજસ**: મારે તો અંગૂઠાછાપ પણ નથી રહેવું અને સ્વાવલંબી પણ બનવું છે, એટલે હું તો "એપ્રેન્ટિસશીપ" નામની યોજનામાં જોડાઈશ. તે યોજના હેઠળ અઠવાડિયાના અમુક દિવસો દરમ્યાન હું અભ્યાસ કરીશ અને બાકીના દિવસો દરમ્યાન કામ કરીને વેતન પણ મેળવીશ. આ યોજનામાં રોજગાર આપતી મોટી મોટી સંસ્થાઓ જોડાય છે એટલે શક્ય છે કે મને તે કામની જગ્યાએ જ કાયમી નોકરી મળી જાય. આજકાલ તો એવા લોકોને રોજગાર આપવાનું પસંદ કરવામાં આવે છે કે જેમને કામનો થોડો ઘણો અનુભવ હોય. આથી થોડા કલાકોનું કામ કરવાથી મારી આવડતો વધશે જે મને ભવિષ્યમાં બહુ જ ઉપયોગી નીવડશે. હું તો માનું છું કે આપણી મહેનતની કમાઈ તો બહુ મીઠી લાગે છે.

**સૌમ્યા**: કામ આપણને સન્માન અપાવે છે ભલે તે સ્વૈચ્છિક હોય કે વેતન આપતું. કામનો અનુભવ મેળવવાની સાથે આપણે નવી નવી શક્તિઓનો વિકાસ કરી શકીએ છીએ. તે ઉપરાંત વિવિધ વ્યક્તિઓનો પરિચય થાય છે તેમજ આત્મવિશ્વાસ વધે છે અને આપણને આત્મસંતોષ થાય છે. આપણું ભવિષ્ય આપણાં જ હાથમાં છે અન્યના હાથમાં નહીં.

© OCR 2018

**સવાલ ૬: વાંચન**

## કુટુંબવૃક્ષ

શિવાની જ્યારથી ભારતમાં પોતાના વયોવૃદ્ધ દાદીને મળીને આવી હતી ત્યારથી તેના મનમાં પોતાના પરિવાર અને જ્ઞાતિ વિશે જાણવાની બહુ જ તાલાવેલી હતી. ભારતની આઝાદીની લડતમાં શહીદ થયેલા તેના પૂર્વજોની દંતકથાઓ દાદી પાસેથી સાંભળીને તથા ઠેરઠેર તેમના વિવિધ પ્રકારના સ્મારકો જોઈને શિવાની છક્ક થઈ ગઈ હતી. દાદીને હંમેશાં બહુ અફસોસ થતો કે કુટુંબના પૂર્વજો વિશેની બીજી કોઈ સ્મૃતિ તેમની પાસે ન હતી. એટલા માટે શિવાની પોતાના પરિવાર માટે એવું કંઈક કરવા ઇચ્છતી હતી જેની યાદ કાયમી રહે અને દાદીને ખૂબ જ પ્રસન્નતા આપે. તે માટે પોતાના કુળના વડવાઓ વિશે વધુ જાણવું બહુ જરૂરી હતું. શિવાનીની આ ધગશ જોઈને તેના માતા–પિતા બહુ જ રાજી થયા. તેમણે શિવાનીને પરિવાર વિશેની હતી તેટલી બધી જ માહિતી આપી. પિતાજી તો દૃઢપણે માનતા કે દરેકે પોતાના કુટુંબની પરંપરા સાચવી રાખવા માટે પોતાના કુટુંબના ઇતિહાસ વિશે જાણવું જ જોઈએ.

શિવાનીએ તો ભારત અને અન્ય દેશોમાં વસતા પોતાના કુટુંબ તેમજ જાતિના વડીલો સાથે રૂબરૂ, ટપાલ અને ફોન દ્વારા માહિતી મેળવવી શરૂ કરી. ભારતીય હાય કમિશ્નરને પત્રો લખી ગાંધીજીના ભાષણોના રેકોર્ડિંગ્સ તેમજ પોતાના વડવાઓનાં ફોટાઓ મેળવ્યાં. પુસ્તકાલયોમાં જઈ ભારતની આઝાદીની લડતને લગતાં જૂનાં છાપાંઓનાં અહેવાલો મેળવ્યાં. સોશિઅલ નેટવર્કીંગ સાઇટ પર સંદેશાઓ મૂકી લોકોને પોતાના આ કાર્યની જાણ કરી. આથી માહિતીઓનો તો જાણે ધોધ વહેવા લાગ્યો!

આ સમય દરમ્યાન શિવાનીએ જાણ્યું કે તેના વડવાઓએ સામાજિક ક્ષેત્રે સુધારાઓ લાવવા માટે કેટલી બધી મહેનત કરી હતી. બાલ વિવાહ જેવા કુરિવાજોને તેમના પ્રદેશમાંથી કાયમ માટે બંધ કરાવ્યા હતા. સ્ત્રી શિક્ષણ તથા વિધવા વિવાહને પ્રોત્સાહન આપ્યું હતું. તેના પરદાદાએ પોતે એક વિધવા સાથે લગ્ન કર્યાં હતાં અને ગામમાં કન્યાશાળા બંધાવી હતી. તે ઉપરાંત તેઓ પોતાના ઘરની ઓસરીમાં રોજ હરિજનોની સાથે બેસીને ભોજન કરતાં. એ પ્રથાને હવે શિવાનીના દાદીએ પણ કાયમ રાખી હતી. આજે પણ ગામની નવી વહુવારુઓ સહુથી પહેલાં દાદીને પગે લાગવા આવે. ગામવાસીઓના ખેતરોના પ્રથમ પાકની ગુણી દાદીના આંગણે ઉતરે અને મંદિરમાં સહુથી પહેલી પૂજા પણ કાયમ દાદીના હાથે જ થાય.

શિવાનીએ પછી તો પોતે એકઠી કરેલી માહિતીમાંથી પોતાનું એક કુટુંબવૃક્ષ ખાસ દાદી માટે બનાવડાવ્યું. તેમજ દરેક પિત્રાઈઓને તે કુટુંબવૃક્ષની નકલ ઇન્ટરનેટ દ્વારા મોકલી આપી જેથી પરિવારના નવા સભ્યોને ભવિષ્યમાં ઉમેરી શકાય. તેણે વડીલો સાથેની વાતચીતો તથા લખાણોનું ગુજરાતી તેમજ અંગ્રેજીમાં ભાષાંતર કરાવ્યું અને પુસ્તક બનાવ્યું. તેમજ તે ભાષાંતરનું શ્રવણ કરી શકાય તેવી સીડીઓ બનાવી પરિવારજનોને આપી. નવી ડિજિટલ ટેક્નોલોજીની મદદથી પૂર્વજોના ફોટાંઓને સાચવ્યાં. ભારત પાછા જઈ શિવાનીએ દાદી અને સહુ ગામવાસીઓને સમગ્ર કાર્યની ફિલ્મ બતાવી. સહુ ભાવવિભોર બની ગયા. પોતાનું કુટુંબવૃક્ષ જોઈ દાદીની આંખો હરખથી છલકાઈ ઊઠી. પૂર્વજોનો વારસો સચવાયો અને તેના સમગ્ર પરિવારને પોતાની સાચી આગવી ઓળખ મળી.

